[169/A-44] Seat No: ___________ No. of printed pages: 2

**SARDAR PATEL UNIVERSITY**
**B. A. (V - Semester) Examination**
**Friday, 26th October, 2018**
**2.00 pm - 5.00 pm**
**UA05CGLT14 - Gujarati (Unseen)**
**ગુજરાતીઃ અપઠિત**

**કુલ ગુણઃ ૭૦**

પ્રશ્ન ૧. નીચેનામાંથી કોઈ પણ ત્રણનો વિચારવિસ્તાર કરો. (૨૪)

(૧) ખુદનો ભરોસો જેને હોય નહીં રે
તેને ખુદાનો ભરોસો નાકામ.

(૨) બસ એટલી સમજ મને પરવરદિગાર દે
સુખ જ્યારે જ્યાં મળે, બધાનો વિચાર દે

(3) અંધારા જેની જિંદગીને વીંટળાય છે,
વેધે છે લક્ષ્ય એ જ, સફળ એ જ થાય છે.

(૪) ઊગે કમળ પંકમાં તદપિ દેવશિરે ચડે
નહીં કુળથી કિન્તુ મૂલ મૂલવાય ગુણો વડે

(૫) વાયરો અને મોજાં હંમેશાં કુશળ વહાણવટીને પક્ષે હોય છે.

(૬) જગની સૌ કડીઓમાં, સ્નેહની સર્વથી વડી.

પ્રશ્ન ૨. નીચેનામાંથી કોઈ પણ એક પરિચ્છેદનો ત્રીજા ભાગમાં સંક્ષેપ કરો. (૧૬)

લોકસાહિત્યમાં તે તે પ્રજાની આત્મકથાનો મહત્ત્વનો ભાગ રજૂ થતો હોય છે. પ્રજાની રહેણી, રીતરસમો, માન્યતાઓ, વિધિઓ એ બધું લોકસાહિત્યમાં પ્રતિબિંબિત થતું હોય છે, તે સાથે સાથે પ્રજા-હૃદયની ઊંડી આશાઆકાંક્ષાઓ અને એષણાઓના, એના આદર્શો અને સ્વપ્નોના પડઘા પણ એમાં સંભળાતા હોય છે. પોતાની જીવનયાત્રામાં પ્રજાએ જે કાંઈ સંસ્કારમૂડી સંચિત કરી હોય છે તેની લોકસાહિત્ય એ મહામૂલી ગઠડી છે.

લોકસાહિત્ય એટલે લોકજીભે રમતું, લોકકંઠે જીવતું સાહિત્ય. કોણ જાણે તે તે કૃતિ ક્યારે રચાઈ હશે, જમાને જમાને બદલાતી ભાષામાં લોકજીભે એનું રૂપાંતર થતું આવતું હોઈ અત્યારે બોલાતી ભાષામાં એ સાંભળવા મળે છે. અલબત્ત, લોકસાહિત્ય એ લોકકંઠની હલક દ્વારા અને નહિ કે પોથીઓમાં - જીવતું હોઈ, સ્થળ સ્થળની જુદી જુદી બોલીઓમાં એ મળવાનું.

લોકસાહિત્ય એ નિરક્ષર, આદિમ, પછાત લોકોનું જ સાહિત્ય છે એવું નથી, ભણેલા - કે સભ્ય લેખાતા - વર્ગના સંસ્કારજીવનમાં પણ લોકસાહિત્ય સારો એવો ભાગ ભજવતું હોય છે અને ગીતો, કથાઓ, કહેવતો, હાલરડાં, ઉખાણાં આદિરૂપે જીવતું પણ હોય છે. લોકસાહિત્ય એ આખી પ્રજાની ચેતનાને તળિયે શું પડેલું છે, તેનો કાંઈક તાગ આપતું હોય છે. યુંગ જેને 'સામૂહિક અચેતના' (કલેક્ટિવ અનકોન્શ્યસ) કહે છે તે લોકસાહિત્યમાં પ્રગટ થતી હોય છે.



(PTO)

અથવા

અમદાવાદના સર્કિટ હાઉસમાં જ્યારે ખાસ અદાલતમાં ખટલો ચાલ્યો ત્યાં ન્યાયાધીશ મિ. બ્રુમફીલ્ડે ગાંધીજીને નામઠામ પૂછી એમનો ધંધો પૂછ્યો. ગાંધીજી આ પ્રશ્નનો જવાબ 'દેશભક્તિ' કે 'સમાજસેવા' કે એવો કોઈ આપી શક્યા હોત, જેમ બીજા ઘણા લોકો આપતા હતા. પણ ગાંધીજીએ જવાબ આપ્યો 'ખેડૂત' અને 'વણકર'. આ રીતે તેમણે બે મોટા વર્ગો જોડે પોતાની આત્મીયતા પ્રગટ કરી. ગાંધીજીનો આ જવાબ જોતજોતાંમાં તો આખા દેશમાં પ્રસરી ગયો અને એણે જરૂર સંખ્યાબંધ ખેડૂતો અને વણકરોના હૃદયમાં એ પડઘો પાડ્યો હશે કે આ આપણા માંહ્યલો માણસ છે. આ લોકો એ વાત પણ જોઈ સમજી શક્યા હશે કે આ જવાબ કોઈ છાપામાં પ્રચાર કરાવવા કહેવાયો નહોતો. ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં બેરિસ્ટરી છોડીને ફીનિક્સમાં છાપખાનાનાં બીબાં ગોઠવવાની જોડે જોડે ખેતીનું કામ કર્યું હતું અને સાબરમતીમાં તેમણે હાથસાળ પર ખાદી વણી હતી. પ્રત્યક્ષ એ કામની સાથે એમના હૃદયના તાર પણ ખેડૂતો અને વણકરો જોડે સંધાતા જતા હતા. સંત કબીર જ્યારે સાળ પર બેસતા ત્યારે તેમના અંતરના તાર જેમ એમના 'સાહેબ' એટલે કે પરમાત્મા જોડે સંધાઈ જતા, તેમ ગાંધીજીના દરેક કામમાં સત્યની શોધ હતી, અને નિરાકાર સત્યનાં દર્શન તેમને સાકાર દરિદ્રનારાયણમાં થતાં. તેથી જ સાવ સહજ રીતે એમનાથી જવાબ અપાયો 'ખેડૂત અને વણકર'. દેશના ખેડૂતો અને વણકરો એ જોઈ શકતા કે ગાંધીજીનો નિરંતર પ્રયાસ પણ એમની માફક મહેનત અને ગરીબીનું જીવન જીવવાનો હતો.

પ્રશ્ન ૩. નીચેનામાંથી કોઈ પણ ત્રણ છંદના બંધારણ સદૃષ્ટાંત સમજાવો. (૧૫)

(૧) મંદાક્રાંતા (૨) હરિણી (૩) શિખરિણી

(૪) દોહરો (૫) હરિગીત (૬) શાર્દૂલવિક્રીડિત

પ્રશ્ન ૪. નીચેનામાંથી કોઈપણ ત્રણ અલંકારની સદૃષ્ટાંત સમજૂતી આપો. (૧૫)

(૧) ઉપમા (૨) ઉત્પ્રેક્ષા (૩) રૂપક

(૪) વર્ણાનુપ્રાસ (૫) શબ્દાનુપ્રાસ (૬) સસંદેહ

—x—